


## વીએચપી બજરંગદળ દ્વારા અમરનાથ યાત્રા પરના હૂમલાનો વિરોધ

જમ્મુ અને કાશ્મીરમાં આવેલું હિન્દૂ ધર્મની આસ્થાનુ કેન્દ્ર બાબા અમરનાથના દર્શન કરી પરત આવતા હતા તે દરમિયાન અનંતનાગ પાસે બાઈક પર આવેલા કેટલાક આતંકવાદીઓએ યાત્રાળુઓની બસ પર અંધાધુંધ ગોળીઓ ચલાવી ગુજરાતના સાત યાત્રાળુઓને મોતને ઘાટ ઉતારી અસંખ્ય યાત્રાળુઓ ઈજાગ્રસ્ત થયા છે. ત્યારે એક આસ્થા લઈ ભગવાનના દર્શને આવેલા નિર્દોષ ભક્તો કે યાત્રાળુઓની બસ પર હિચકારો હુમલો કરાતા આજે આ હુમલાના વિરોધમાં અરવલ્લી જિલ્લા વીએચપી બજરંગદળ અને દુર્ગાવાહીની દ્વારા આતંકવાદીનું પૂતળું બનાવવામાં આવ્યું હતું તેને ધનસુરા ચાર રસ્તા ખાતે ભારે સુત્રોચાર કરી પાકિસ્તાની ધ્વજ સાથે પૂતળાનું દહન કર્યું હતું અને જરૂર પડે બજરંગદળના કાર્યકરો આતંકવાદીઓ સામે સરહદ પર લાડવા તૈયાર છે તેવી હાકલ કરી હતી.

# રાજ્યમાં ૩ દિવસ ભારે વરસાદની આગાહી

## ૧૩થી ૧૬ જૂલાઇ દરમ્યાન સૌરાષ્ટ્ર, કચ્છ, દીવ, દમણ સહિતના વિસ્તારોમાં સારો વરસાદ પડવાની શકયતા : મેઘરાજાનો હવે બીજો રાઉન્ડ જોરદાર હશે

અમદાવાદ, તા.૧૨

વરસાદના પહેલા રાઉન્ડમાં સમગ્ર રાજયને પોતાની અમીવર્ષાથી તૃપ્ત કરી દેનાર મેઘરાજા હવે તા.૧૩થી ૧૬ જૂલાઈ દરમ્યાન તેમના બીજા રાઉન્ડમાં ધમાકેદાર પધરામણી કરે તેવા એંધાણ પ્રવર્તી રહ્યા છે. હવામાનખાતાની આગાહી પ્રમાણે, તા.૧૩થી ૧૬ જૂલાઈ દરમ્યાન અમદાવાદ શહેર સહિત રાજયભરમાં સારા વરસાદની આગાહી છે. જો કે, આ ત્રણ દિવસ દરમ્યાન રાજયના ઘણાખરા વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદની શકયતા છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર, કચ્છ, દીવ અને દમણ સહિતના વિસ્તારોમાં સારો વરસાદ નોંધાવાની પૂરી શકયતા છે. કચ્છ પર સીસ્ટમ સક્રિય બની હોવાથી અને અપરએર સરક્યુલેશન સીસ્ટમ બનતાં હવે મેઘરાજાના બીજા રાઉન્ડમાં ઘણો સારો વરસાદ નોંધાવાની શકયતાઓ પ્રબળ બની છે. બીજીબાજુ, આજે અમદાવાદ સહિત રાજયના વિવિધ શહેરો અને પંથકોમાં હળવાથી ભારે વરસાદ અને ઝરમર વરસાદી ઝાપટાં ચાલુ રહ્યા હતા.

મેઘરાજાએ પહેલા રાઉન્ડમાં તેમની જોરદાર એન્ટ્રી કરી ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છને તો પાણી-પાણી અને જળબંબાકારમય કરી નાંખ્યા હતા. ખાસ કરીને બનાસકાંઠા, રાજકોટ-મોરબી અને સૌરાષ્ટ્ર પંથકના વિસ્તારોમાં તો ત્રણ-ચાર દિવસના અનરાધાર વરસાદે તારાજી સર્જી હતી. જો કે, ત્યારબાદ મેઘરાજાએ વિરામ લેતાં પરિસ્થિતિ થાળે પડી હતી અને સ્થાનિક લોકોએ રાહતનો દમ લીધો હતો. તો બીજીબાજુ, રાજયના કેટલાક વિસ્તારો અને પંથકોમાં પ્રમાણસર વાવણીલાયક વરસાદ નોંધાતા જગતના તાત ખેડૂતે ખુશીની લાગણી વ્યકત કરી હતી અને ખેતરોમાં વાવણીની તક ઝડપી લીધી હતી. એ પછી લગભગ દસથી પંદર દિવસ સુધી વરસાદ ખેંચાઈ ગયો હતો. અલબત્ત, જોરદાર કે ભારે કહી શકાય તેવો વરસાદ મોટાભાગના ક્ષેત્રોમાં નોંધાયો ન હતો. લોકો ફરી સારો વરસાદ કયારે આવે તેની રાહ જોતાં આતુર બન્યા હતા, ત્યારે હવામાન ખાતાએ રાજયમાં ફરી એકવાર સારા વરસાદના સંકેતો આપ્યા છે. હવામાન ખાતાના સૂત્રોના જણાવ્યા પ્રમાણે, રાજયમાં ચોમાસાના બીજા રાઉન્ડમાં તા.૧૩થી ૧૬ જૂલાઈ દરમ્યાન સારો વરસાદ નોંધાઈ શકે છે.

# ગોળીબારમાં શહીદ થયેલા ૭ ગુજરાતીઓને મોડાસાની વિભિન્ન કોલેજોમાં શ્રદ્ધાંજલિ

પવિત્રયાત્રા ધામ અમરનાથના દર્શનાર્થીઓ પર થયેલ આંતકવાદી હુભલામાં માર્યા ગયેલ શ્રદ્ધાળુઓને આજરોજ અરવલ્લી જીલ્લા યુવા મોરચા દ્વારા એમ.એલ ગાંધી કે.મંડળ સંચાલિત કોલેજ કેમ્પસ-મોડાસાની વિવિધ કોલેજો જેવી કે બીસીએ કૉલેજ, આર્ટસ્ કોલેજ,બી.એસસી. કોલેજમાં શ્રદ્ધાંજલી આપવાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં વિધાર્થીઓ, યુવાનો આ કાર્યક્રમમાં અરવલ્લી જીલ્લા યુવા મોરચા પ્રમુખ પ્રશાંતભાઈ પટેલ, મોડાસા શહેર સંગઠન પ્રમુખ જગદિશભાઈ ભાવસાર, મોડાસા શહેર સંગઠન મહામંત્રી યશવંતભાઈ વ્યાસ,આદિજાતિ મોરચા જીલ્લા મહામંત્રી, હસમુખભાઈ ખરાડી યુવા મોરચા ઉપપ્રમુખ નરેશભાઈ પટેલ, યુવા મોરચા પ્રમુખ મોડાસા નગર વિપુલભાઈ કડિયા, યુવા અગ્રણી દેવલભાઈ ત્રિવેદી, યુવા મોરચા પ્રમુખ માલપુર હર્ષ પંડ્યા, બીસીએ કોલેજના પ્રિન્સિપાલ ભદ્રેશભાઈ પટેલ, આર્ટસ્ કોલેજ પ્રિન્સિપાલ જોષી, તથા બિનોયભાઈ પટેલ અને અધ્યાપકો યુવા મોરચાના વિવિધ કાર્યકરો તથા શૈક્ષણિક સંકુલના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.







અમરનાથ યાત્રામાં બાબા અમરનાથના દર્શને ગયેલા યાત્રીકો પર આતંકીઓએ જે જઘન્ય કૃત્ય કર્યુ અને તેમા જે નિર્દોષ શ્રધ્ધાળુઓ પર આતંકી ઑછાયો પડ્યો અને તેઓ ભગવાનના શરણે પહોચ્યા તે મૃતાત્માઓને શ્રધ્ધાંજલી આપવા અરવલ્લી જિલ્લા ભાજપા ધ્વારા જિલ્લા કાર્યાલય ખાતે શોકસભા યોજાઈ હતી. આતંકીઓ ધ્વારા જે માનવ સંહાર કરવામાં આવ્યો છે તેને નિંદનીય ગણાવી ભારતીય જનતા પાર્ટી અરવલ્લી જિલ્લા ધ્વારા શોકસભામાં ૨ મીનીટ મૌન પાળી શ્રધ્ધાંજલી આપી આ કૃત્યને દરેક આગેવાનોએ માનવતા વિરૂધ્ધ ગણાવી સખત શબ્દોમાં વખોડી નાખ્યુ છે અને ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી છે. શોકસભામાં અરવલ્લી જિલ્લા ભાજપા મહામંત્રી શામળભાી પટેલ, મહામંત્રી એસ.એમ.ખાંટ, જિલ્લા ઉપપ્રમુખ નિલાબેન મડિયા, જિલ્લા ભાજપા યુવા મોરચા પ્રમુખ પ્રશાંતભાઈ પટેલ મોડાસા શહેર પ્રમુખ જગદિશભાઈ ભાવસાર અને મોડાસા નગરપાલિકા સદસ્યો અને કાર્યકર્તાઓ ઉપસ્થીત રહ્યાં હતા.

## ખેડબ્રહ્મા મામલતદાર મધ્યાહન ભોજન કચેરીમાં થતુ ઉઘરાણુ

ખેડબ્રહ્મા, તા. ૧૨

ખેડબ્રહ્માની મામલતદાર કચેરીમાં આવેલ મધ્યાહન ભોજન વિભાગમાં મામલતદારની બદલી થતા આવેલ ઈન્ચાર્જ ના. મામલતદાર દ્વારા ઓફીસમાં આવતા મ.ભો. સંચાલક પાસેથી રીતસરનુ ઉઘરાણુ શરૂ કરવામાં આવેલ છે.

મધ્યાહન ભોજન સંચાલકોના બીલો પાસ કરાવવા માટે રીતસર ૫૦ રૂપીયા લેવામાં આવી રહ્યા છે. મામલતદાર કચેરીના એક કર્મચારીએ જણાવ્યું હતું કે સંચાલકોને જીસ્વાનની કેબીન અથવા તો શૌચાલયના ખૂણામાં લઈ જઈ ઉઘરાણુ કરવામાં આવે છે.

સંચાલકોનો બહુ થોડા રૂપીયામાં આખા મહિનાનુ ચલાવવાનુ હોય છે તેમાંથી પરમીટ લેવા આવ્યાનુ ભાડુ થતુ હોય છે તેમાંથી પણ ઉઘરાણામાં આપવા પડતા હોઈ મ.ભો. સંચાલકો પણ બાળકોના ભોજનમાં છેડછાડ કરવાનુ શરૂ કરી દીધુ છે.

# મોડાસા શહેરમાં ચોર, લૂંટારૂઓ બેફામ

## મેઘરજ રોડ પર એલઆઈસી ઓફીસ સામે પાર્ક કરેલી સ્વીફ્ટ કારમાંથી ૫ લાખની બેગની ઉંઠાતરી : આજુબાજુની દુકાનોમાં લાગેલા સીસીટીવી કેમેરા ફંફોસતી પોલીસ : ૫ લાખની લૂંટ થતા મોડાસાનો હોટલ માલિક બેબાકળો બન્યો

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જિલ્લા પોલીસતંત્રની અને મોડાસા ટાઉન પોલીસતંત્રની નબળી કામગીરીથી જિલ્લાના પ્રજાજનોમાં ભારે આક્રોશ ફેલાયો છે. જીલ્લાના વડામથક મોડાસા શહેરમાં ચોરો, તસ્કરો, પાકીટમારો, ચેઈન સ્નેચરો એ ઘરફોડીયા ગેંગ બિંદાસ્ત લૂંટની ઘટનાને અંજામ આપી રહ્યા છે. મોડાસા ટાઉન પોલીસ સબ સલામતના સ્વપ્નાઓમાં રાચી રહી છે. અને હાથ પર હાથ મુકીને બેસી રહી હોય તેમ ચોર, લૂંટારૂ ગેંગ દ્વારા ચોરી લૂંટ અને તફડંચીની ઘટનાઓનો સીલસીલો યથાવત રહ્યો છે. કાર અને વાહનોમાંથી રૂપિયાની તફડંચી કરતી ગેંગ સક્રિય થતા શહેરીજનોમાં ભય ફેલાયો છે.

બુધવારે સવારે એક હોટલ માલિક દ્વારા એચ.ડી.એફ.સી. બેંકમાથી ૫ લાખ રૂપિયા રૂપાડી હોટલનો સરસમાન અને નોકરોના પગાર માટે હોટલ તરફ જવા નીકળ્યા હતા અને મેઘરજ રોડ પર આવેલી એલઆઈસી ઓફિસમાં કામકાજ હોવાથી એલઆઈસી સામેના રોડ પર સ્વીફ્ટ કાર પાર્કિંગ કરી રૂપિયા કારમાં રાખી એલઆઈસીમાં ગયા પછી પરત ફરતા કારનો કાચ તુટેલા જોતા કઈ લાગેલા સીસીટીવી કેમેરાનુ રેકોર્ડીંગ પેન ડ્રાઈવમાં લઈ તપાસ હાથ ધરી હતી. પોલીસતંત્રના પેટનુ પાણી પણ ન હલતા લોકોમાં આક્રોશ ફાટી નીકળ્યો છે.



અજુગતુ બન્યાની ગંધ આવતા કારમાં ૫ લાખ રૂપિયા ભરેલી બેગ ગાયબ થયેલી જોવા મળતાં બેબાકળા બની ગયા હતા અને તાબડતોડ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનેહકીકત જણાવતા પોલીસ કાફલો ઘટનાસ્થળે ધસી આવી તપાસ હાથ ધરી હતી અને આજુબાજુમાં આવેલી દુકાનોના સીસીટીવી કેમેરાના રેકોર્ડીંગ અને ફૂટેજની તપાસ હાથ ધરી દુકાનોમાં બુધવારે સવારે સતત લોકો અને વાહનોની અવરજવર વચ્ચે તસ્કર ગેંગ દ્વારા કારનો કાચ તોડી ૫ લાખ રૂપિયા ભરેલી બેગની તફડંચી કરતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને પોલીસતંત્રની કામગીરી અંગે અનેક પ્રશ્નાર્થ ઉભા થયા હતા. મોડાસામાં છેલ્લા કેટલાક સમયથી લૂંટ, ધાડ, તસ્કરી, ચેઈનસ્નેચ જેવી ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થયો હોવા છતાં મોડાસામાં છેલ્લા ૬ મહિનામાં બનેલી ઘરફોડ ચોરી, ચેઈનસ્નેચરની ઘટનાઓ ઉકેલવામાં નિષ્ફળ ગઈ હોય તેવુ લાગી રહ્યુંછે. મોડાસા ટાઉન પોલીસ તંત્ર દ્વારા ચેઈન સ્નેચીંગ અને ચોરીની ઘટનાઓની ફરિયાદ લેવા માટે પણ આનાકાની કરવામાં આવતી હોવાનુ પીડીતો દ્વારા જાણવા મળી રહ્યુંછે.

## ધાનેરાના થાવર ગામ નજીક ધાનેરા પોલીસની ગાડીનો અકસ્માત

ધાનેરા પોલીસ વાહન ને ધાનેરા ના થાવર ગામ નજીક અકસ્માત સર્જાયો હતો જેમાં કોઈ જાનહાની ન થતા ધાનેરા પોલીસે રાહત શ્વાસ લીધો હતો. ધાનેરા પોલીસ વાહન નંબર જીજે ૮ જી ૦૧૬૧ જે ધાનેરા ના થાવર ગામ નજીક પેટ્રોલિંગ હતી તે સમયે અચાનક રોડ આડે નીલગાય આવી જતા અકસ્માત સર્જાયો હતો અને પોલીસ વાહન રોડ ની સાઈડ ના ખાડામાં ખાબકી હતી તો બીજી તરફ આ અકસ્માત માં કોઈ જાનહાની ન થતા ધાનેરા પોલીસે રાહત નો શ્વાસ લીધો હતો.

# બાળકોને મનોરંજન સાથે જ્ઞાન અને પ્રેરણા માટે સૌ પ્રથમવાર બાળ ફિલ્મોત્સવ યોજાઈ રહ્યો છે

પાલનપુર, તા. ૧૨

સમગ્ર રાજય સહિત બનાસકાંઠા જિલ્લામાં તારીખ ૧૦ જુલાઈથી ૧૫ જુલાઈ દરમ્યાન બાળ ફિલ્મોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બનાસકાંઠા જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓ ધોરણ ૬ થી ૮ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને જિલ્લાની ૭ જેટલી મલ્ટીપ્લેક્ષ સિનેમાઓમાં ફિલ્મ બતાવવામાં આવી રહી છે. બાળ ફિલ્મોત્સવની ઉજવણી અંતર્ગત પાલનપુર ખાતે મનોરંજન કર કમિશનર ધિરજ કાકડીયાએ સૂરમંદિર મલ્ટીપ્લેક્ષ થિયેટરમાં પીંપળી ભાગળ અને પાલનપુર બ્રાન્ચ શાળા નં-૨ ના બાળકો સાથે ફરારી કી સવારી ફિલ્મ નિહાળી હતી. આ પ્રસંગે મનોરંજન કર કમિશનર કાકડીયાએ જણાવ્યું કે પ્રાથમિક શાળામાં ભણતાં બાળકોને મનોરંજન સાથે નોલેજ અને પ્રેરણા મળે તે માટે રાજય સરકારના માહિતી અને પ્રસારણ વિભાગ ધ્વારા સૌ પ્રથમવાર બાળ ફિલ્મોત્સવ-૨૦૧૭નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અધતન ટેકનોલોજીથી બનાવવામાં આવેલ બાળકોને લગતી ફિલ્મો બતાવવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે બાળ ફિલ્મોત્સવ થકી બાળકોને પ્રોત્સાહન અને પ્રેરણા મળે છે. રાજય સરકારનો હેતુ બાળ ફિલ્મોત્સવ થકી બાળકોને જ્ઞાન અને શુભ સંદેશા સાથે આનંદ આપવાનો છે.

મનોરંજન કર કમિશનરે જણાવ્યું કે બાળકો એકબીજાને મળવાની સાથે ગમ્મત પડે, કંઈક શિખવાનું મળે અને જાણવાનું મળે તેવી હીટ થયેલી ફિલ્મો બાળકો માટે ઉચ્ચ કમિટી ધ્વારા નક્કી કરવામાં આવી છે તે ફિલ્મો દર્શાવવામાં આવે છે. તેમણે કહ્યું કે બનાસકાંઠા જિલ્લાના વિવિધ ૭ સિનેમાઓમાં રોજના ૨૪૧૦ બાળકો ફિલ્મો નિહાળે છે અને તા.૧૫ સુધીમાં ૧૫,૦૦૦ બાળકો ફિલ્મો નિહાળશે.

## મહેસાણા જિલ્લામાં કલા મહાકુંભ ૨૦૧૭ યોજાશે

મહેસાણા જિલ્લામાં રાજ્ય સરકાર દ્વારા ખેલ મહાકુંભ ૨૦૧૭નું આયોજન કરેલ છે. ખેલ મહાકુંભમાં ૧૦ વર્ષથી નાના,૧૧ થી ૨૦ વર્ષ સુધીના અને ૨૧ વર્ષથી ઉપરના કલાકારો માટે આયોજન કરાયું છે. જેમાં ગાયન વિભાગ, નૃત્ય વિભાગ, વાદન વિભાગ અને અભિનય વિભાગનો સમાવેશ થાય છે. આ સ્પર્ધાઓ તાલુકા, જિલ્લા પ્રદેશ અને રાજ્ય કક્ષાએ ૧૯ જુલાઈથી ૧૦ સપ્ટેમ્બર સુધી યોજાનાર છે. સ્પર્ધામાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. શાળામાં અભ્યાસ કરતા બાળકો શાળા મારફત અને અભ્યાસ ન કરતા કલાકારો માટે જિલ્લા રમત ગમત અધિકારી, બ્લોક નં ૧, ત્રીજો માળ, બહુમાળી ભવન મહેસાણાનો ફોન નંબર ૦૨૭૬૨-૨૨૨૬૦૨ નો સંપર્ક સાધવાનો રહેશે.

## ભીષણ ગોળીબાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતા. આજે બપોરે આ હુમલો કરવામાં આવ્યો હતો. અમરનાથ શ્રદ્ધાળુઓ ઉપર હુમલો કરવામાં આવ્યા બાદ આતંકવાદીઓએ બડગામમાં હુમલો કર્યો હતો પરંતુ સુરક્ષા જવાનોએ ત્રણેય ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા. રાષ્ટ્રીય રાયફલ, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ અને સીઆરપીએફ દ્વારા હાથ ધરવામાં આવેલા સંયુક્ત ઓપરેશનમાં આ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. ઠાર થયેલા આતંકવાદીઓની પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટકોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો.

બીજી બાજુ અમરનાથ હુમલાના માસ્ટર માઈન્ડ રહેલા અબુ ઈસ્માઈલને શોધી કાઢવા માટે પણ ઓપરેશન ચાલી રહ્યું છે. વર્ષ ૨૦૦૦ બાદથી વાર્ષિક અમરનાથ યાત્રા ઉપર સૌથી ભીષણ હુમલો સોમવારે મોડી રાત્રે કરવામાં આવ્યો હતો. અમરનાથ યાત્રામાં હજુ સુધી બાવનથી વધુ લોકોના મોત થઈ ચુક્યા છે. પાકિસ્તાન દ્વારા વારંવાર ઉશ્કેરણીજનક કૃત્યો કરવામાં આવી રહ્યા છે જેમાં ત્રાસવાદી હુમલા અને સરહદ ઉપર ગોળીબારનો સમાવેશ થાય છે.

## પાણી પાણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

વરસાદના લીધે લોકપ્રિય કાજીરંગા નેશનલ પાર્કમાં પાણી ભરાઈ ગયા છે. બ્રહ્મપુત્ર, બરાક અને સહાયક નદીઓમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી છે. મોનસુન આફત તરીકે રહેતા હાલત કફોડી બનેલી છે. પુરના પાણીથી ગેંડાઓ જાહેર રસ્તાઓ ઉપર આવી ગયા છે. સુરક્ષિત જગ્યાઓ જુદા જુદા પ્રાણીઓ શોધી રહ્યા છે. કાજીરંગા નેશનલ પાર્કમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. આસામમાં પુરની સ્થિતી ગંભીર બનેલી છે. મૃત્યુ પામેલા લોકોની સંખ્યા વધીને હવે ૩૨ ઉપર પહોંચી ગઈ છે. જ્યારે ૧૫ જિલ્લાના ચાર લાખથી વધારે લોકોને પુરની અસર થઈ છે. એક સરકારી યાદીમાં કહેવામાં આવ્યુ છે કે બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. અસરગ્રસ્ત લોકોને વધારે તકલીફ ન પડે તે માટે ૧૨૮ કેમ્પ સ્થાપિત કરવામાં આવ્યા છે. મુખ્યપ્રધાન સર્વાનન્દ સોનેવાલે કહ્યુ છે કે સ્થિતી પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. તેઓ પોતે સ્થિતીની સમીક્ષા પણ કરી ચુક્યા છે. પુરના કારણે રાજ્યમાં ૧૬૦૦૦ હેક્ટરથી વધારે વિસ્તારમાં પાકને નુકસાન થયુ છે. નીચાણવાળા વિસ્તારો જળબંબાકાર થઈ ગયા છે. બચાવ અને રાહત કામગીરીમાં સુરક્ષા દળોની મદદ લેવામાં આવી રહી છે. મોટી સંખ્યામાં લોકોને રાહત છાવણીમાં પણ ખસેડી લેવામાં આવ્યા છે.

## શોધખોળ જારી

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમને ટુંકમાં જ પકડી પાડવાં આવનાર છે. કાશ્મીર ત્રાસવાદીના ઈતિહાસમાં પ્રથમ વખત સુરક્ષા દળોએ દાવો કર્યો છે કે તોયબા અને હિજબુલના ત્રાસવાદીઓ હુમલા કરવા માટે સાથે આવ્યા છે. આ બન્ને ત્રાસવાદી સંગઠન હવે સાથે છે. આ બાબત ખુબ ચોંકાવનારી છે. કારણ કે હિજબુલના ત્રાસવાદીઓ સામાન્ય રીતે શ્રદ્ધાળુઓ પર હુમલા કરતા નથી. એવુ પણ જાણવા મળ્યુ છે કે તોયબાએ હુમલાને લઈને પહેલાથી જ તૈયારી કરી હતી. તોયબાએ તેના ગ્રાઉન્ડ વર્કરને તૈયાર કર્યા હતા. વિસ્તારની રેકી કરવામાં આવી હતી. ત્યારબાદ યોગ્ય ટાર્ગેટ મળી ગયા બાદ હુમલો કરવામાં આવ્યો હતો. બીજી બાજુ હુમલા બાદ પણ અમરનાથ યાત્રા યથાવત રીતે જારી રહી છે. વહેલી પરોઢે શ્રદ્ધાળુઓનો કાફલો બંને પરંપરાગત માર્ગ પહેલગામ અને ટુંકા બાલતાલ રુટથી રવાના થયો હતો. અમરનાથ યાત્રા સાનુકુળરીતે ચાલી રહી છે. શ્રદ્ધાળુઓની ભાવના અને ઉત્સાહમાં કોઈ ઘટાડો થયો નથી. આજે સવારે કેટલી સંખ્યામાં શ્રદ્ધાળુઓ રવાના થયા હતા .

## સીસી રોડ બનશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રજુઆતના અંતે આદિવાડામાં સી સી રોડનુ કામ હાથ ધરાશે. વર્ષોના અંતે ગામમાં આર સી સી રોડ બનશે. આ કામગીરી પાછળ રૂ ૯૦ લાખનો ખર્ચ થશે. આ ઉપરાંત આંગણવાડીના રીનોવેશનની કામગીરી પણ હાથ ધરવામાં આવશે. આંગણવાડીના રીનોવેશન માટે પણ લાખોનો ખર્ચ કરવામાં આવશે. ઉત્તરના ધારાસભ્ય તેમજ ચારેય કોર્પોરેટરોએ આ મામલે અનેકવાર રજુઆત કરી આદિવાડાના ગ્રામજનોને પર્યાપ્ત સુવિધા ઉપલબ્ધ થાય તે દિશામાં પ્રયત્નો કર્યા છે. જેના અંતે ગટર લાઇનની કામગીરી બાદ સી સી રોડ પણ બનશે. વધુમાં આગામી દિવસોમાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવા માટે ૪ એમ એમ ની લાઇન નાંખવાનુ કામ પણ હાથ ધરાશે. આદિવાડામાં પાણી અને ગટર સહીત રસ્તાની માળખાગત સુવિધા અપગ્રેડ કરવામાં આવતા સ્થાનિક રહીશોને રાહત થશે.

## કુપોષણથી પિડાય છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવેલ છે. આ પૈકી ૨૨ જેટલા બાળકો અત્યાર સુધીમાં દાખલ થઈ ચુક્યા હોવાનુ તંત્રના સૂત્રોએ સ્વીકાર્યું છે.

જિલ્લામાં કુપોષણથી પિડાતા બાળકો અંગે કરવામાં આવી રહેલી કામગીરીની ગઈકાલે કેન્દ્રના રાજ્યમંત્રી પુરૂષોત્તમભાઈ રૂપાલાએ કલેક્ટર કચેરીમાં ખાસ સમીક્ષા કરી હતી અને તંત્રની કામગીરીને તેમણે બિરદાવી વધુ સઘન બનાવવા પર ભાર મુક્યો હતો.

## ૫૦ ટકા કામગીરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવતા ટીમોએ ત્યાં તાત્કાલિક પોરાનાશક કામગીરી હાથ ધરી હતી.

તંત્રની ટીમોને ૪૩૯ જેટલા તાવના દર્દી પણ મળી આવતાં તેમના લોહીના નમૂના મેળવી તે ચકાસણી માટે મોકલી આવામાં આવેલ છે.

આ વખતે સર્વે દરમ્યાન મચ્છરોના પોરા મોટી સંખ્યામાં મળી રહ્યા હોવાથી તંત્ર સતર્ક બની અને સર્વેલન્સની કામગીરીનું મોનીટરીંગ શરૂ કર્યુ છે. જિલ્લામાં ૫૦ ટકા જેટલુ સર્વેલન્સ સંપન્ન થઈ ચુક્યુ છે. ૬૦ થી વધુ ગામોમાં સર્વેલન્સની કામગીરી સંપન્ન થઈ જવા પામી હોવાથી હવે ત્રણ દિવસ દરમ્યાન વધુ સઘનતાથી આ કામગીરી હાથ ધરાશે તેમ જાણવા મળેલ છે.

રાજ્યના આરોગ્ય વિભાગે મેલેરિયા નિર્મૂલન-૨૦૨૨ના મિશન સાથે સર્વેલન્સની કામગીરીના આદેશો બાદ આ સર્વેલન્સ બીજા તબક્કાનું હાથ ધરવામાં આવ્યુ છે.

## કઠોર અમલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અરજદારપક્ષ તરફથી કોર્ટનું ધ્યાન દોરાયું હતું કે, વિવાદીત જમીનોમાં બિલ્ડરો દ્વારા સ્કીમ ઉભી કરાય છે, લોકોએ લોન લઈ પૈસા ભર્યા હોય છે. સરકાર કાયદો લાવી પરંતુ તેનો વાસ્તવિક અમલ થતો નથી અને પ્રજા લૂંટાઈ રહી છે અને કાયદાની અમલવારીના અભાવે ભોગ બની રહી છે. કેટલાય કિસ્સામાં તો, ટાઈટલ જ નથી હોતું તો, ઉપરોકત ઓથોરીટી સમક્ષ રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ જ કોઈપણ સ્કીમ કે પ્રોજેકટ આગળ ધપાવી શકે તેમછતાં તમામ કાયદાકીય જોગવાઈઓનું ઉલ્લંઘન કરી હાલ બારોબાર બિલ્ડરો તેમની સ્કીમો અને પ્રોજેકટ ચલાવી રહ્યા છે. કેટલાક કિસ્સામાં તો, એક વર્ષ પહેલા પાયા ખોદાયા હોય અને હજુ સુધી એ જ પરિસ્થિતિ જોવા મળી રહી છે. લોકો પૈસા ભરીને ફસાઈ ગયા છે અને બિલ્ડરો જમીનમાલિકોના દાવા સહિતની કાનૂની પ્રક્રિયામાં અટવાઈ જાય છે. તેમણે તો લોકો પાસેથી પૈસા લઈ લીધા હોય છે, એટલે લોકોની હાલત કફોડી અને દયનીય બની છે. કાયદાની અમલવારી અને પ્રજાના અધિકારોના રક્ષણની જવાબદારી રાજય સરકારની છે. આ સંજોગોમાં હાઈકોર્ટે રાજય સરકાર સહિતના સત્તાવાળાઓને જરૂરી નિર્દેશો કરવા જોઈએ.